# છબિ, અંતરતમના કવિની

એપ્રિલ, ૧૮૮૪ – એકસો ચાલીસ વર્ષ પહેલાં.

૧૦૦ વર્ષ જૂના ટાગોરપરિવારના રહેઠાણ, જોરાસાંકો ઉપર તે દિવસે છવાયેલી મૃત્યુની ઘેરી છાયાનો ઓછાયો વર્ષો સુધી ઓસરવાનો ન હતો. ૨૫ વર્ષની પરિવારની વધૂએ આત્મહત્યા કરી હતી. આજ સુધી તેનું કારણ ચર્ચાસ્પદ રહ્યું છે. તે અને રવીન્દ્રનાથ શિશુસંગી હતાં. કિશોર વયે તેણે રવીન્દ્રનાથને માતૃસ્નેહની ઊણપ સાલવા દીધી ન હતી. કવિ રવીન્દ્રનાથની તે આજીવન પ્રેરણામૂર્તિ હતી. તેનું નામ હતું કાદંબરીદેવી.

તે હતાં રવીન્દ્રનાથના નતૂન બૌઠાન કે બૌઠાકરુન કે પછી માત્ર 'હે' – હેકાતેનું ટૂંકું નામ!

કાદંબરીદેવી અને તેમની સાથેના પોતાના સંબંધનો સ્પષ્ટ અને સવિસ્તર ઉલ્લેખ રવીન્દ્રનાથે 'જીવનસ્મૃતિ' (૧૯૧૨) અને 'છેલેબેલા' (૧૯૪૦)માં કરેલો છે. બંનેના ગુજરાતી અનુવાદ[1] થયેલા છે અને તેમાંના સંબંધિત અંશ પરિશિષ્ટ-૧ અને ૨માં પ્રસ્તુત છે.

રવીન્દ્રનાથનો જન્મ એક સુવિખ્યાત અને સુશ્રુત પરિવારમાં થયો હતો. તેમના દાદા પ્રિન્સ દ્વારકાનાથના નામથી ઓળખાતા હતા. તે અંગ્રેજોના સંપર્કમાં આવેલા બાહોશ વ્યવસાયી અને સુધારાતરફી વલણ ધરાવનારા હતા. તેમની વ્યવસાયી સફળતા સમકાલીનો માટે ઈર્ષ્યાનું કારણ હોય તો તેમની સખાવતો ઉદાહરણ પૂરું પાડતી હોવી જોઈએ. તત્કાલીન મહાન સુધારક અને બૌદ્ધિક રાજા રામમોહન રોય તેમના પરમ મિત્ર હતા. તેઓ માત્ર બાવન વર્ષની વયે વિલાયતમાં મૃત્યુ પામ્યા હતા અને તેમના પુત્ર, દેવેન્દ્રનાથ માટે

1. *સંસ્મરણો, રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. અંબાલાલ પુરાણી, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૦૭.*

*મારું બચપણ, રવીન્દ્રનાથ ટાગોર, અનુ. રમણલાલ સોની, બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ.*

દેવાનો વારસો મૂકી ગયા. મહર્ષિ તરીકે ઓળખાતા દેવેન્દ્રનાથ એક કુશળ વ્યવસ્થાપક હતા. તેઓ સંસારમાં રહીને આધ્યાત્મિક પ્રગતિ સાધવાનો પ્રયત્ન કરતા હતા. તેમણે રામમોહન રોયની દોરવણી નીચે આદિ બ્રાહ્મો સમાજની સ્થાપના કરી હતી. પોતાના ભાઈઓ અને પિતરાઈઓ સાથે તેઓ જોરાસાંકોમાં રહેતા હતા. એક જ ઘરમાં રહેતા એક વિશાળ પરિવારના તે કર્તાહર્તા હતા.

મહર્ષિ અને તેમનાં પત્ની, શારદાદેવીનાં ૧૫ સંતાનો પૈકી રવીન્દ્રનાથ ૧૪મા હતા. ૯ ભાઈઓ અને ૬ બહેનોમાંથી રવીન્દ્રનાથને બાદ કરતાં બીજા ૩ ભાઈઓ અને એક બહેન પ્રતિભાશાળી હતાં.

સૌથી મોટા ભાઈ, દ્વિજેન્દ્રનાથ રવીન્દ્રનાથ કરતાં 21 વર્ષ મોટા હતા. તેમણે 'સ્વપ્નપ્રયાણ' (૧૮૭૫)ની રચના કરી હતી. જેની ગણના બંગાળી સાહિત્યમાં એક પથદર્શક સર્જન તરીકે થાય છે.

બીજા ભાઈ, સત્યેન્દ્રનાથ રવીન્દ્રનાથ કરતાં ૧૯ વર્ષ મોટા હતા. તેઓ ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાનાર પ્રથમ ભારતીય હતા. તે પણ પ્રખર લેખક, કવિ અને સંગીતકાર હતા. તે અને તેમનાં પત્ની જ્ઞાનદાનંદિનીદેવી સ્ત્રીઓના ભણતર માટે આગ્રહ રાખતાં અને સમાજમાં તેમને યોગ્ય સ્થાન મળે તે માટે પ્રયત્નશીલ રહેતાં.[2]

પાંચમા ભાઈ, જ્યોતિરિન્દ્રનાથ રવીન્દ્રનાથ કરતાં ૧૨ વર્ષ મોટા હતા. તેઓ ચિત્રકાર, સંગીતકાર, કવિ અને નાટ્યકાર હતા. તે બંગાળી અને અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત, મરાઠી અને ફારસી જાણતા હતા. રવીન્દ્રનાથની પ્રતિભાના વિકાસમાં તેમનો ફાળો સૌથી વધુ કહી શકાય.

પાંચમા બહેન, સ્વર્ણકુમારી રવીન્દ્રનાથ કરતાં 3 વર્ષ મોટાં હતાં. તેઓ લેખક, સંગીતકાર અને સામાજિક કાર્યકર્તા હતાં. બંગાળીમાં નવલકથા લખનાર તેઓ પ્રથમ મહિલા હતાં.

પાંચ સંતાનોનું સાહિત્યમાં પ્રદાન હોવા છતાં તેમાંનાં કોઈએ પણ

---

2. *સિક્સ મન્થસ ઇન ઇન્ડિયા, મૅરી કાર્પેન્ટર, લૉન્ગમેન્સ, ગ્રીન ઍન્ડ કું., લંડન, ૧૮૬૮.*

પોતાનું સર્જન માતાને અર્પણ કર્યું નથી કે તેમનાં સર્જનોમાં માતાનો વિશેષ ઉલ્લેખ નથી. ૨૫ વર્ષમાં ૧૫ સંતાનોને જન્મ આપ્યા પછી એક વિશાળ પરિવારની જવાબદારી અદા કરતાં પોતાનાં સંતાનો સાથે હળીમળીને સમય વિતાવવાનું શક્ય ન થતું હોય તેવી સંભાવના નકારી ન શકાય. તદ્દુપરાંત નોંધવું જોઈએ કે શારદાદેવીને બધી જ સામાજિક જવાબદારીઓ પણ એકલે હાથે જ ઉપાડવાની હતી. કારણ કે તેમના પતિ લાંબા સમય માટે આધ્યાત્મિક ચિંતન કરતાં પ્રવાસોમાં રત રહેતા હતા.[3]

તેમની માતાના અભિગમનો ખ્યાલ આપતાં રવીન્દ્રનાથ કહે છે :

*અંધારું થતાં... ભૂતના ભયથી ગભરાતો હું માતાના ખંડ તરફ*
*ભાગતો. તે સમયે મા પોતાની કાકી સાથે પત્તાં રમતી.*
*નકશીવાળી લાકડાની ફર્શ હાથીદાંતની જેમ ચમકતી હોય*
*અને મહાકાય પલંગ પર ભરેલી ચાદર બિછાવેલી હોય*
*હું એવો તો ઉત્પાત કરતો કે તે પોતાનાં પત્તાં ફેંકી દઈને કહેતી,*

*'હેરાન કરી મૂકી! જાઓ કાકી, એને વાર્તા કહો.'*
*બહારના વરંડામાં પગ ધોઈને અમે અમારી મોટી કાકીને સાથે લઈને*
*અમારી પથારીમાં ઘૂસી જતાં.*[4]

અવનીન્દ્રનાથ ટાગોર, જે રવીન્દ્રનાથના ભત્રીજા હતા અને તેમની સાથે એ જ ઘરમાં ઊછર્યા હતા, તે શારદાદેવી માટે કહે છે :

*કર્તાદીદીમા*[5] *સુંદર હતાં...*
*તેમના બધા જ દીકરાઓ દેખાવડા અને ગોરા હતા.*
*માત્ર રવિકાકા જ શ્યામવર્ણના હતા.*
*તે તેમને મેંદો અને મલાઈથી ઘસીને નવડાવતાં હતાં.*
*તે કહેતાં કે મારા બધા દીકરાઓમાં રવિ જ ગોરો નથી.*[6]

---

3. *કબિમાનસી, ઉપરોક્ત, પા. ૬૦-૬૧.*
4. *છેલેબેલા, રવીન્દ્રનાથ ટાગોર, વિશ્વભારતી, કોલકતા, ૨૦૦૩, પા. ૨૨, અનુવાદ મારો.*
5. *ઘરની જવાબદારી સંભાળતી મુખ્ય ગૃહિણી.*
6. *ઘરોઆ, અવનીન્દ્રનાથ ટાગોર, રાણી ચંદ, વિશ્વભારતી, કોલકતા, ૨૦૦૨, પા.*

રવીન્દ્રનાથ કહેતા કે બાળપણમાં મા કે ઘરની બીજી સ્ત્રીઓ તેમનું ધ્યાન રાખતી ન હતી. તેમની સંભાળ ઘરના ચાકરોએ જ લીધી હતી. તેઓ જોરાસાંકોના અંતર-મહાલની પણ વાત કરતા જ્યાં માત્ર સ્ત્રીઓનું જ આધિપત્ય હતું. એ સમય, જોરાસાંકોના સુધારાનો સમય હતો. ધીરેથી થતા સુધારાને દાખલ કરનાર હતા, ઇંગ્લૅન્ડમાં ભણેલા સત્યેન્દ્રનાથ.

ઈ.સ. ૧૮૬૮માં ૧૯ વર્ષના જ્યોતિરિન્દ્રનાથનું લગ્ન ૯ વર્ષનાં કાદંબરીદેવી સાથે નક્કી થયું. સત્યેન્દ્રનાથને આ સંબંધ પસંદ ન હતો. તેમની ઇચ્છા હતી કે જ્યોતિરિન્દ્રનાથ ઇંગ્લૅન્ડ જઈને વધારે ભણે. તદુપરાંત કાદંબરીદેવીની ઉંમર હજી ઘણી ઓછી કહેવાય અને તેમના પરિવાર માટે તેઓ ઊંચો અભિપ્રાય ધરાવતા ન હતા. પણ મહર્ષિના મત મુજબ તેમના જેવા પિરાલિ બ્રાહ્મણ પરિવાર – જેણે બ્રાહ્મ ધર્મ સ્વીકાર્યો હતો – માટે જ્યોતિરિન્દ્રનાથને માટે છોકરી મળવી જ મુશ્કેલ હતી. કાદંબરીદેવીના પરિવારથી અને તેમના સાહિત્ય અને સંગીત પ્રત્યેના પ્રેમથી ટાગોરપરિવાર સુપરિચિત હતો.[7]

લગ્ન સમયે કાદંબરીદેવી લગભગ નિરક્ષર જ હતાં.[8]

આવા શુષ્ક સંજોગોમાં રવીન્દ્રનાથને કાદંબરીદેવીનો પહેલો પરિચય થયો. તેનું કાવ્યમય વર્ણન કરતાં રવીન્દ્રનાથ કહે છે :

*દિવસો આમ એકધાર્યા ચાલ્યા જતા હતા...*
*સૂકાં પાંદડાંની સાથે જેમ કાચંડાનો રંગ ભળી જાય*
*તેમ જ મારો મિજાજ પણ એ દિવસોની શુષ્કતા જેવો ફિક્કો રહેતો.*
*... અને તે એકધાર્યા દિવસો*
*મને શુષ્ક વાડની ખૂંટીઓના વર્તુળમાં ઘેરી લેતા.*
*અચાનક એક દિવસ શરણાઈમાં બારે સૂર ગુંજી ઊઠ્યા.*

---

*૬૩ અને ૬૫, ૧૯મી સદીના ઉત્તરાર્ધ અને ૨૦મી સદીના પૂર્વાર્ધના જોરાસાંકોના જીવનની સ્પષ્ટ ઝાંખી કરાવતું આ પુસ્તક માત્ર બંગાળીમાં જ ઉપલબ્ધ છે. અનુવાદ મારો.*

7. *કબિમાનસી, ઉપરોક્ત, પા. ૩૯-૪૦.*
8. *રબિજીબની, ઉપરોક્ત, પા. ૮૭.*

*ઘરમાં આવી એક નવોઢા,*
*તેના નાજુક શ્યામ હાથ પર પાતળી સોનાની બંગડી પહેરીને.*
*પલક માત્રમાં વાડમાં એક છીંડું પડ્યું*
*અને દેખા દીધી અમારા પરિચિત જગતની બહારના*
*માયાવી પ્રદેશના નવા જ કોઈ માણસે.*[૯]

તે સમયે કાદંબરીદેવી ૯ વર્ષનાં હતાં અને રવીન્દ્રનાથ ૭ વર્ષના. પરિવારના આ નવા સભ્ય અંગેનું તેમનું કુતૂહલ સહજ હતું.

અને સ્ત્રીઓના અંદરના ભાગ અને પુરુષોના બહારના ભાગ વચ્ચેની કૃત્રિમ દીવાલને કારણે તેમાં વધારો થતો.

ધીરેધીરે સમય જતાં છોકરાંની રમત-ગમતથી બંને વચ્ચે ખાટામીઠા મિજાજની વચ્ચે ઝોલા ખાતો બાલ્યસહજ સંબંધ બંધાયો.

૫૦ વર્ષ પછી લખેલી એક કવિતા :

*ચૈત્રની સવારના આછા તડકામાં*
*ઝાડની નીચે ત્રણ કાચી કેરી પડી હતી.*
*એને જોઈને એને લેવા માટે*
*મારા હાથમાં અધીરાઈની ચળ ન ઊઠી.*
*ચા પીતાં પીતાં મને સમયની સાથે મારા સઢમાં સંચરતા*
*પવનની દિશા બદલાયાનો ખ્યાલ આવ્યો.*
*તેમ જ પૂર્વમાં આવેલો ઘાટ ધૂંધળો થયો છે,*
*તેનો પણ ખ્યાલ આવ્યો.*
*એક વખત એવો હતો કે*
*જ્યારે એકાદ-બે કાચી કેરી હતી એક સોનાની ચાવી જેવી.*
*જેનાથી એક આખા દિવસના આનંદની ખાનગી પેટી ખૂલી જતી.*
*હવે નથી કોઈ એવું તાળું અને તેથી નથી ચાવીની જરૂર.*
*મને માંડીને વાત કરવા દો,*
*મારા જીવનમાં પહેલી વાર,*
*બીજા કુટુંબમાંથી અમારા, આવતી હતી એક નવવધૂ.*

---

*૯. છેલેબેલા, ઉપરોક્ત, પા. ૪૭-૪૮.*